અપીલ અરજી નં.૨૧૫ તા.૫–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નુરૂદ્દીન મારફતીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નુરૂદ્દીન મારફતીયાની તા.૧૩–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) વોર્ડ નં.૧૧/૧૪૫૧ નાણાવટ ચીનીવાળાની પોળમાં બાંધકામ માટે મંજુર પ્લાન અને રજાચિઠ્ઠીની તારીખ અને પ્લાન અને તેની નકલ મુદ્દા નં.(૨) મંજુર પ્લાન કયાં સુધી અમલમાં રહે છે ? મુદ્દા નં.(૩) તે તારીખ વીત્યા પછી બાંધકામ કરવું હોય તો શું વિધી કરવી પડે ?વિ. મુદ્દા નં.(૧) થી (૯) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–**(૧)**અરજદાર મજકુરની અપીલ તા.૫–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૧૫/૨૦૧૧–૧૨
(૨)અરજદાર મજકુરની અપીલ તા.૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૫/૨૦૧૦–૧૧ ના હુકમ નં.આરટીઆઈ સેલ/૭૧ તા.૧૮–૪–૧૧
(૩) રાજય માહિતી આયોગનો તા.૧૦–૪–૧૧ ના રોજ કરેલ બીજી અપીલ નં.૧૨૯/૧૧–૧૨ ના તા.૨૪–૫–૧૧ નો હુકમ

શ્રી નુરૂદ્દીન મારફતીયાની તા.૧૩–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) વોર્ડ નં.૧૧/૧૪૫૧ નાણાવટ ચીનીવાળાની પોળમાં બાંધકામ માટે મંજુર પ્લાન અને રજાચિઠ્ઠીની તારીખ અને પ્લાન અને તેની નકલ મુદ્દા નં.(૨) મંજુર પ્લાન કયાં સુધી અમલમાં રહે છે ? મુદ્દા નં.(૩) તે તારીખ વીત્યા પછી બાંધકામ કરવું હોય તો શું વિધી કરવ પડે ?વિ. મુદ્દા નં.(૧) થી (૯) ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સે.ઝોન./ આરટીઆઈ/આઉટ નં./ ૪૯૮ તા. ૩૦–૬–૧૧થી મુદ્દા નં.૩ થી ૭ અને ૯ ના જવાબો બરાબર ન હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૯ તા.૧૬–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં આપને જવાબ બરાબર ન હોવાના દાવા અંગે આધાર સહ સ્પષ્ટતા કરવા તથા જા.મા.અ.ના પ્રસ્તાવ મુજબ મુદ્દા નં.૯ અંગે સંપર્ક કરી માહિતી –દસ્તાવેજ જોઈ મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૮૯૬ તા. ૨૯–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ , ફી ભર્યાની વિગત, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૯૮ તા.૩૦–૬–૧૧ ના પત્રની નકલ, પ્ર ોસીઝર ફોર સીકયુરીન ડેવલપમેન્ટ પરમીશનના કલમ–૩(૧) થી ૩(૨) ૧ થી ૫ જણાવેલ પાનાની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૫–૯–૧૧ ના પત્રથી પૂરક વિગત જણાવેલ છે.

અરજદારની તા.૧૩–૧–૧૧ ની અરજીથી વોર્ડ નં.૧૧/૧૪૫૧ નાણાવટ ચીનીવાલાની પોળમાં બાંધકામ બાબતે પ્લાન અને રજાચિઠ્ઠી બાબતે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારને નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૪–૩–૧૧ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં ફી ભર્યાની રસીદ તા.૧૩–૧–૧૧ અને તબદીલ પત્ર તા.૧૧–૨–૧૧ નો રજૂ કરેલ. જે બાબતે અરજદારે તેમના તા.૨૨–૩–૧૧ ના પત્રથી તા.૧૩–૧–૧૧ આઈ ડી નં.૧૦૬૪ નો કોઈ જવાબ મળેલ નથી તેવી રજૂઆત કરેલ.જે અંગે અત્રેથી અપીલ નં.એસએમસી/એફએપી/૩૮૫/૧૦–૧૧ તા.૪–૩–૧૧ ના રોજ ચલાવવામાં આવેલ. જેમાં અત્રેના આરટીઆઈ સેલ/૭૧ તા.૧૮–૪–૧૧ થી "અરજદારની તા.૧૩–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ ન હોઈ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે." તેવો હુકમ કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે માહિતી નહીં મળતાં તા.૧૦–૪–૧૧ ના રોજ રાજય માહિતી આયોગમાં બીજી અપીલ કરવામાં આવેલ. તેમજ અત્રે તા.૯–૫–૧૧ થી પુનઃ પ્રથમ અપીલ કરવામાં આવેલ. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૮ તા.૨૧–૫–૧૧ થી જાહેર માહિતી અધિકારીને પ્રથમ અપીલ અંગેના હુકમની અમલવારી કરવા પુનઃ સુચિત કરવામાં આવેલ. અરજદારની રાજય માહિતી આયોગમાં કરેલ બીજી અપીલ નં.૧૨૯ /૧૧–૧૨ બાબતે તા.૨૪–૫–૧૧ ના રોજ અરજદારની પ્રથમ અપીલ બાબતે નિકાલ કરવાનો આદેશ આપવામાં આવેલ. જે અંગે અત્રેથી પ્રથમ અપીલ આરટીઆઈ સેલ/૭૧ તા.૧૮–૪–૧૧ થી ઓલરેડી પહેલેથી જ નિકાલ કરવામાં આવેલ જે અંગે રાજય માહિતી આયોગના અનુસાર જાહેર માહિતી અધિકારીને અત્રેથી આરટીઆઈ સેલ/૩૬૮ તા.૧૬–૬–૧૧ થી અરજદાર તેમજ

રાજય માહિતી આયોગની જાણ હેઠળ પ્રથમ અપીલના હુકમની તેમજ રાજય માહિતી આયોગના આદેશની અમલવારી કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૯૮ તા.૩૦–૬–૧૧ થી અરજીના મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી પૂરી પાડવામાં આવેલ. જે અંગે અરજદારે મુદ્દા નં.૩ થી ૭ અને ૯ ના જવાબ બરાબર નથી તેવું જણાવી તા.૫–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે તેમજ સમય મર્યાદામાં જવાબ નહીં આપવા શિક્ષાત્મક કાર્યવાહીની રજૂઆત કરેલ છે. વધુમાં અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે તા.૫–૯–૧૧ થી પૂરક વિગતો રજૂ કરેલ છે. જે અંગે અરજદારના તા.૧૩–૧–૧૧ ની અરજીના મુદ્દા નં.૧ વોર્ડ ૧૧/૧૪૫૧ નાણાવટ ચીનીવાલાની પોળમાં બાંધકામ માટે મંજુર પ્લાન અને રજાચીઠ્ઠીની તારીખ અને પ્લાન અને તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૧/૧૪૫૧ નાણાવીટ ચીનીવાલાની પોળમાં બાંધકામ માટે મંજુર પ્લાન અને રજાચિઠ્ઠીની નકલ પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.ર મંજુર થયેલ પ્લાન કયાં સુધી અમલમાં રહે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડીસીઆરની નિયમ–૩(૨)(૫) ની નકલ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૩ તે તારીખ વીત્યા પછી બાંધકામ કરવુ હોય તો શું વિધી કરવી પડે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડીસીઆરની નિયમ–૩(૨)(૫) ની નકલ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૪ ઉપરોકત નંબરનો જો પ્લાન મંજુર હોય અને તારીખ વીતી ગઈ હોય તો તે અંગેની કોલમ–૩ મુજબની કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) ઉપરોકત મિલ્કતનું બાંધકામ કયારે શરૂ કરવામાં આવ્યું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ બાંધકામ શરૂ કર્યુ તે બાબતની જાણ કોર્પોરેશનને થઈ હતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ તે અટકાવવા માટે કોઈ પગલા લીધા છે ખરા? કયા પગલા લીધા?. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ ગેરકાયદે પ્લાન વિરુધ્ધના બાંધકામ માટે જવાબદાર અધિકારના નામ અને હોદ્દાઓની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગેરકાયદે/પ્લાન વિરુધ્ધના બાધકામ માટે સબંધિત આર્કીટેકટની સંપૂર્ણ જવાબદારી રહે છે. વધુમાં જણાવેલ કર્મચારીઓની હાજરી દરમ્યાન બાંધકામ થયેલ છે (૧) ડી.એસ. મહેતા જુની. ઈજનેર (૨) આર.સી. પટેલ ડે. ઈજનેર (૩) એન. કે. પરમાર કાર્યપાલક ઈજનેર તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ બિલ્ડીંગના પાછળના ભાગે બારણું અને બારી મુકેલ છે તે પ્લાનમાં દર્શાવવામાં આવેલ છે કે કેમ અને ન હોય તો મ્યુ. કોર્પોરેશનના ખાનગી પ્લોટમાં આવી રીતે બારી બારણા મુકી શકાય કે કેમ? તેની માહિતી તાત્કાલીક આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવવાનું કે સેન્ટ્રલઝોન ખાતેથી આપવામાં આવેલ પ્લાનની નકલ જોઈ જવા વિનંતી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તેમની તા.૫–૯–૧૧ થી પૂરક વિગતોમાં મુદ્દા નં.૯ અંગે પ્લાનની માંગેલ નકલ જવાબ સાથે સામેલ હતી જેનો અભ્યાસ કરેલ છે પરંતુ તે પછીના સવાલ " જો ન હોય તો મ્યુ. કોર્પોરેશનના ખાનગી પ્લોટોમાં આવી રીતે બારી બારણા મુકી શકાય કે કેમ?" તેનો જવાબ આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. વધુમાં મુદ્દા નં.૩ અને ૭ અંગે ઉડાઉ જવાબ આપેલ છે તેવી રજૂઆત બાબતે મુદ્દા નં.૩ માં ડીસીઆરની નિયમ–૩(૨)(૫) ની નકલ આપવામાં આવેલ છે. જયારે મુદ્દા ન.૪ થી ૭ માં અરજદારને દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જયારે અરજદારે ગેરકાયદે ઉભી થયેલ મિલ્કતનું બાંધકામ અરજીના સમયગાળા દરમ્યાન પૂર્ણ કરવામાં આવ્યુ છે તેમજ બીયુસી સિવાય ગટર કનેકશન પાણીની લાઈન આપી દેવામાં આવેલ છે જે જાણ માટે તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૯ પૈકી મુદ્દા નં.૯ ની અંશતઃ મુળ અરજીમાં માંગેલ બારી બારણા પ્લાનમાં ન હોય તો મ્યુ. કોર્પોરેશનના ખાનગી પ્લોટમાં આવી રીતે બારી/બારણા મુકી શકાય કે કેમ? તેવી માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. અરજદારના તકરારી મુદ્દા પૈકી મુદ્દા નં.ર અને ૩ અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ ડીસીઆરની કલમ–૩ ના પાનાની નકલમાં માહિતી સમાવિષ્ટ થઈ જતી જણાય છે. જયારે ૪ થી ૭ અંગે દફતરે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે જે વિવાદી રહે છે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૯ ની અંશતઃ મુળ અરજીમાં માંગેલ બારી બારણા પ્લાનમાં ન હોય તો મ્યુ. કોર્પોરેશનના ખાનગી પ્લોટમાં આવી રીતે બારી/બારણા મુકી શકાય કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા તથા મુદ્દા નં.૪ થી ૭ અંગે લાગત દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડી તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નુરૂદ્દીન મારફતીયા,